# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-04-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

**************************************************

1) કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા પ્રધાનમંત્રી વિરુદ્ધ કરેલી કથિત અપમાનજનક ટિપ્પણી મુદ્દે ભાજપે ચૂંટણી પંચ સમક્ષ કડક કાર્યવાહી કરવા માંગણી કરી
2) જર્મનીના બર્લિનમાં ભારતીય સમુદાયને સંબોધતા સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે કહ્યું કે બંને દેશો વચ્ચે રાજદ્વારી અને વ્યાવસાયિક સંબંધો મજબૂત બન્યા
3) પહેલગાંવ આતંકવાદી હુમલાની વરસી પર રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ મૃતકોને શ્રધ્ધાંજલી અર્પી
4) બોમ્બે હાઈકોર્ટે 2006ના માલેગાંવ બ્લાસ્ટ કેસમાં આરોપો ઘડવાના ખાસ કોર્ટના આદેશને રદ કરીને ચાર આરોપીઓને મુક્ત કર્યા
5) વર્તમાન વૈશ્વિક સ્થિતિની અસર હેઠળ ભારતીય શેરબજારમાં કડાકો
6) આઇપીએલમાં આજે લખનૌ સુપર જાયન્ટસ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે મૂકાબલો.

…………………………………………………………………

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો…

# BJP-ECI DELEGATION

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિરુદ્ધ કરવામાં આવેલી કથિત અપમાનજનક ટિપ્પણી અંગે ભાજપના વરિષ્ઠ નેતાઓ નિર્મલા સીતારમણ, કિરેન રિજિજુ, અર્જુન રામ મેઘવાલ અને અરુણ સિંહ સહિત ભાજપના એક પ્રતિનિધિમંડળે આજે ચૂંટણી પંચને મુલાકાત કરી હતી. પ્રતિનિધિમંડળે કમિશનને કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી અને કોંગ્રેસ પ્રમુખને દેશ તરફથી માફી માંગવા કહ્યું હતું.

બેઠક બાદ મીડિયા સાથે વાત કરતા શ્રી રિજિજુએ કહ્યું હતું કે પ્રતિનિધિમંડળે કમિશનને વિનંતી કરી છે કે જો દેશમાં કોઈ રાજકીય પક્ષ આવી ભાષાનો ઉપયોગ કરે છે, તો તે લોકશાહી વિરુદ્ધ ધૃણાસ્પદ કૃત્ય છે અને લોકશાહીને નબળી પાડે છે. તેમણે કહ્યું હતું કે પ્રતિનિધિમંડળે માંગ કરી હતી કે મલ્લિકાર્જુન ખડગે સામે કડક કાર્યવાહી કરવામાં આવે. શ્રી રિજિજુએ ઉમેર્યું હતું કે ચૂંટણી પંચે કહ્યું છે કે તેઓ યોગ્ય કાર્યવાહી કરશે.

## (BYTE: KIREN RIJIJU)

આ દરમિયાન, ભાજપના નેતા નિર્મલા સીતારમણે કહ્યું હતું કે પ્રતિનિધિમંડળે કમિશનના ધ્યાન પર લાવ્યું હતું કે કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ સિવાય કોઈ વ્યક્તિએ આવા ટિકાપાત્ર શબ્દોમાં વાત કરી નથી.

# REV.RAJNATH-BERLIN

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે ભાર મૂક્યો કે ભારત અને જર્મની વચ્ચેના સંબંધો સમય સાથે ધીમે ધીમે વધુ મજબૂત બન્યા છે. જર્મનીના બર્લિનમાં ભારતીય સમૂદાયને સંબોધતા મંત્રીએ નોંધ્યું કે ભારત અને જર્મની માત્ર રાજકીય અને વ્યૂહાત્મક સંબંધો જ નહીં, પણ કલા અને સંસ્કૃતિને પણ ખૂબ જ ઉત્સાહથી વહેંચે છે.

**(BYTE: RAJNATH SINH)**

તેમણે ઉમેર્યું કે આ વર્ષે, લોકશાહી મૂલ્યો પર આધારિત બંને રાષ્ટ્રો વચ્ચેના રાજદ્વારી સંબંધોએ 75 વર્ષ પૂર્ણ કર્યા છે. તેમણે નોંધ્યું કે જર્મની યુરોપમાં ભારતનો સૌથી મોટો વેપારી ભાગીદાર છે, જેમાં 2 હજારથી વધુ જર્મન કંપનીઓ ભારતમાં સક્રિય છે.

# PM-VP-PAHALGAM- 1

રાષ્ટ્રપતિ દ્રૌપદીમૂર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી , ગૃહમંત્રી અમિત શાહ અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પહેલગામ આતંકવાદી હુમલાની પહેલી વરસી પર મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી રાધાકૃષ્ણને કહ્યું કે આતંકવાદના ભયાનક અને કાયરતાપૂર્ણ કૃત્યમાં જીવ ગુમાવનારા નિર્દોષ લોકો દેશની સામૂહિક સ્મૃતિમાં અંકિત રહેશે. તેમણે કહ્યું, ભારત તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓમાં આતંકવાદનો સામનો કરવાના તેના દૃઢ નિશ્ચય પર અડગ છે.

પ્રધાનમંત્રીએ કહ્યું, દેશ ક્યારેય કોઈપણ પ્રકારના આતંકવાદ સામે ઝૂકશે નહીં અને આતંકવાદીઓના ધૃણાસ્પદ ઇરાદા ક્યારેય સફળ થશે નહીં. શ્રી મોદીએ કહ્યું કે ભયાનક પહેલગામ આતંકવાદી હુમલાના પીડિતોને ક્યારેય ભૂલાશે નહીં. તેમણે શોકગ્રસ્ત પરિવારો સાથે સંવેદના વ્યક્ત કરી.

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે લોકોને ગુમાવવાનું દુઃખ અને પીડા હજુ પણ દરેક ભારતીયના હૃદયમાં છે. ગૃહમંત્રી જણાવ્યું કે દેશ આતંકવાદ અને તેને આશ્રય આપનારાઓ સામે શૂન્ય-સહિષ્ણુતા નીતિ ચાલુ રાખશે.

સોશિયલ મીડિયા સંદેશમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે ટે ધૃણાસ્પદ કૃત્યમાં નિર્દોષ લોકો જીવ ગુમાવનારાઓએ આપની સામૂહિક સ્મૃતિમાં અમર છે.

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે કહ્યું, ભારતે દાયકાઓથી સરહદ પારથી આતંકવાદ સહન કર્યો છે, પરંતુ આજે તેનો પ્રતિભાવ મક્કમ, નિર્ણાયક અને

અડગ છે. જમ્મુ અને કાશ્મીરના પહેલગામ ખાતે થયેલા કાયર આતંકવાદી હુમલાના મૃતકોને શ્રદ્ધાંજલિ આપતા શ્રી સિંહે કહ્યું કે રાષ્ટ્ર શોકગ્રસ્ત પરિવારોના દુઃખમાં સહભાગી છે.

## PM-VP-PAHALGAM- 2

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કાયરતાપૂર્ણ પહેલગામ આતંકવાદી હુમલાના પીડિતોને યાદ કરવામાં રાષ્ટ્ર સાથે જોડાવા માટે દરેકને વિનંતી કરતાં કહ્યું કે, ભારત તેના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓમાં આતંકવાદનો સામનો કરવાના પોતાના સંકલ્પમાં અડગ છે.

જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ પહેલગામ આતંકવાદી હુમલાના પીડિતોને શ્રદ્ધાંજલિ આપી અને આતંકવાદ અને હિંસા સામે લડવા માટે તેમની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. તેમણે કહ્યું, "અમે એક વર્ષ પહેલા થયેલા કાયરતાપૂર્ણ હુમલામાં પોતાના પ્રિયજનો ગુમાવનારા પરિવારો પ્રત્યે પણ અમારી ઊંડી સંવેદના વ્યક્ત કરીએ છીએ."

જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાએ આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપતા કહ્યું કે, ભારત આતંકવાદ સામે એકજુટ રીતે ઉભું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# HC - MALEGAM BLAST CASE

બોમ્બે હાઈકોર્ટે આજે 2006ના માલેગાંવ બ્લાસ્ટ કેસમાં ચાર આરોપીઓને મુક્ત કર્યા અને તેમની સામે આરોપો ઘડવાના ખાસ કોર્ટના આદેશને રદ કર્યો. મુખ્ય ન્યાયાધીશ શ્રી ચંદ્રશેખર અને ન્યાયાધીશ શ્યામ ચાંડકની બનેલી બેન્ચે - રાજેન્દ્ર ચૌધરી, ધન સિંહ, મનોહર રામ સિંહ નરવરિયા અને લોકેશ શર્મા - ચાર આરોપીઓ દ્વારા ખાસ કોર્ટના આદેશ સામે દાખલ કરવામાં આવેલી અપીલને મંજૂરી આપી.

આ ચારેય પર ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો હેઠળ હત્યા અને ગુનાહિત કાવતરું તેમજ કડક ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA) હેઠળ આરોપ મૂકવામાં આવ્યો હતો.

8 સપ્ટેમ્બર 2006ના રોજ, નાસિક જિલ્લાના માલેગાંવ શહેરમાં ત્રણ હમીદિયા મસ્જિદ અને બડા કબ્રસ્તાનના પરિસરમાં અને ચોથો મુશાવરત ચોકમાં થયો, જેમાં 31 લોકોના મોત થયા અને 312 લોકો ઘાયલ થયા.

શરૂઆતમાં કેસની તપાસ કરનાર રાજ્ય આતંકવાદ વિરોધી ટુકડી (ATS) એ આ સંબંધમાં નવ મુસ્લિમોની ધરપકડ કરી હતી. રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA), જેણે પાછળથી આ કેસ પોતાના હાથમાં લીધો, તેણે દાવો કર્યો કે વિસ્ફોટો જમણેરી ઉગ્રવાદીઓનો હાથ હતો અને ચાર આરોપીઓની ધરપકડ કરી હતી. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં, એક વિશેષ અદાલતે ચારેય આરોપીઓ સામે આરોપો ઘડ્યા હતા, જેના પગલે તેઓએ આદેશ સામે હાઇકોર્ટમાં અરજી કરી હતી.

# KEDARNATH KAPAT

નિર્ધારિત ધાર્મિક વિધિઓ અને પ્રાર્થના પછી આજે સવારે 8 વાગ્યે કેદારનાથ ધામના દરવાજા ભક્તો માટે ખોલવામાં આવ્યા હતા. મંદિરને આશરે 51 ક્વિન્ટલ ફૂલોથી શણગારવામાં આવ્યું હતું. ભારત અને વિદેશથી મોટી સંખ્યામાં ભક્તોએ આ પ્રસંગ નિહાળ્યો હતો. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ પણ પૂજામાં ભાગ લીધો હતો. મંગળવારે મોડી સાંજે ગૌરીકુંડથી બાબા કેદારની પાલખી કેદારનાથ ધામ પહોંચી હતી.

કેદારનાથ ધામના દરવાજા ખુલતાની સાથે જ, સમગ્ર મંદિર "હર હર મહાદેવ"ના નાદથી ગુંજી ઉઠ્યું. આ કેદારનાથ યાત્રાની શરૂઆત હતી. સેંકડો ભક્તોએ દરવાજા ખોલવાના સાક્ષી બન્યા. આ સમય દરમિયાન, 8મી શીખ રેજિમેન્ટ બેન્ડના મધુર સૂરો અને ઢોલ અને અન્ય વાદ્યોના ગુંજતા અવાજથી સમગ્ર મંદિર શિવની દૈવી કૃપાથી ભરાઈ ગયું.

# EARTH DAY-AKASHVANI

આજે વિશ્વ પૃથ્વી દિવસ નિમિત્તે, આકાશવાણીના સમાચાર સેવા વિભાગના મહાનિર્દેશક ધીરજ એમ કાકડિયાએ નવી દિલ્હીના આકાશવાણી ભવન ખાતે અધિકારીઓને શપથ લેવડાવ્યા હતા , જેમાં તેમણે તમામ પ્રકારની ઉર્જા, ખાસ કરીને વીજળીનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરવા પર ભાર મૂક્યો. શપથમાં સ્વચ્છ, હરિયાળી અને નવીનીકરણીય ઉર્જાને પ્રોત્સાહન આપવા, પાણી અને કુદરતી સંસાધનોના સંરક્ષણ પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

# STOCKS 1200

ભારતીય શેરબજારમાં આજે છેલ્લા અહેવાલો આવ્યા ત્યારે સેન્સેક્સમાં 650 થી વધુ પોઈન્ટ અને નિફ્ટીમાં 150 થી વધુ પોઈન્ટનો ઘટાડો થયો હતો. ફાઇનાન્શિયલ સર્વિસિસ અને ખાનગી બેંક સૂચકાંકમાં પણ નબળાઈ ચાલુ રહી હતી. જોકે યુટિલિટીઝ, પાવર અને FMCG ક્ષેત્રોના શેરોમાં લેવાલી જોવા મળી હતી.

# IPL

IPL ક્રિકેટમાં, આજે, લખનૌ સુપર જાયન્ટ્સ લખનૌના અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રાજસ્થાન રોયલ્સ સામે ટકરાશે. મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

દરમિયાન, ગઈકાલે રાત્રે હૈદરાબાદના રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં સનરાઇઝર્સ હૈદરાબાદે દિલ્હી કેપિટલ્સને 47 રને હરાવ્યું હતું.

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે દિલ્હી, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, ઉત્તર પ્રદેશ, બિહાર, છત્તીસગઢ, ગંગા કિનારાના પશ્ચિમ બંગાળના વિસ્તારો અને મધ્ય પ્રદેશમાં ગરમીનું મોજું ફરી વળવાની આગાહી કરી છે. દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, કેરળ, માહે, ઓડિશા અને તમિલનાડુમાં ગરમ અને ભેજવાળા હવામાનની આગાહી છે. તો, દિલ્હી, હરિયાણા, ચંદીગઢ અને છત્તીસગઢમાં આગામી ત્રણ દિવસ સુધી રાત્રે ગરમ હવામાન રહેશે.

દરમિયાન અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં આજે ભારે વરસાદની આગાહી છે . આજે દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, કર્ણાટક, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા અને ઓડિશામાં વાવાઝોડા સાથે વીજળી પડવાની શક્યતા છે.